ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેક્ટર-૩૦સ્થિત ઝુલેલાલ સાંઈબાબા મંદિરખાતે આગામી તા.૯ જુલાઈના રોજ રવિવારના રોજ સાતમો ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાંઆવ્યું છે. જેમાંસવારે ૫ કલાકે કાકડ આરતી, મંગલ સ્નાન અભિષેક સવારે ૫.૪૫ કલાકે, શ્રૃંગાર આરતી સવારે ૬.૧૫ કલાકે, પાદુકા પૂજન સવારે ૮ કલાકે, મધ્યાહન આરતી બપોરે ૧૨ કલાકે, આનંદનો ગરબો બપોરે ૧ થી ૪ કલાક, ધૂપની મહાઆરતી સાંજે ૫ કલાક દરમિયાન યોજાશે. જયારે સાંજે ૬ થી રાત્રીના ૯ કલાક સુધી ભોજન પ્રસાદનુંઆયોજન કરવામાં આવ્યું છે.આ મહોત્સવમાં સૌ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા સિંધી પંચાયત ગાંધીનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

૬૮ ગામોને ઔડામાં ભેળવવા માટેના નિર્ણયનો થયેલો વિરોધ

ગાંધીનગર-અમદાવાદ આસપાસના ગામો સામેલ : વિરોધ રેલીની મંજૂરી નહી મળતાં ગુજરાત ખેડૂત સમાજ દ્વારા હાઇકોર્ટમાં રિટ : સરકારને જવાબ રજૂ કરવા નિર્દેશ

અમદાવાદ, ૬

અમદાવાદ અને ગાંધીનગર આસપાસના ૬૮ જેટલા ગામડાઓને ઔડા વિસ્તારમાં સમાવિષ્ટ કરાતા ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાવા પામી છે. ખેડૂતોએ સરકારના નિર્ણયના વિરોધમાં ડાભલાથી ગાંધીનગર સુધી વિશાળ રેલીની તંત્ર દ્વારા પરવાનગી નહી અપાતાં આખરે ગુજરાત હાઇકોર્ટમાં રિટ અરજી કરી છે. જો કે, હાઇકોર્ટે અરજદાર ગુજરાત ખેડૂત સમાજને રેલીમાં કેટલા લોકો જોડાવાના છે અને રેલીમાં કેટલા વાહનો રહેશે? સહિતના મુદ્દે પૃચ્છા કરી તેની માહિતી રજૂ કરવા અરજદારપક્ષને નિર્દેશ કર્યો છે. તો સાથે સાથે રાજય સરકારને પણ આ મામલે જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો છે. ગુજરાત ખેડૂત સમાજ તરફથી કરાયેલી રિટ અરજીમાં એવી રજૂઆત કરાઇ હતી કે, અમદાવાદ-ગાંધીનગરના ૬૮ જેટલા ગામડાઓને અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી(ઔડા)ની હદમાં સમાવવાના રાજય સરકારના ૨૦૦૯ના જાહેરનામાનો ખેડૂતો દ્વારા છેલ્લા ઘણા સમયથી વિરોધ થઇ રહ્યો છે. ખેડૂતોની રજૂઆત છે કે, તેઓ ખેડૂત તરીકે જ પોતાની જમીન પર ખેતી કરવા ઇચ્છે છે. શહેરી વિસ્તારમાં ભેળવવાનો અર્થ એ છે કે, તેમની જમીનનો ૪૦ ટકા હિસ્સો કપાતમાં જશે. તેથી બાકી બચેલી જમીનમાં તેઓ ખેતી કરી નહી શકે અને આખરે તેઓને જમીન વેચવાનો વારો આવે. આ સંજોગોમાં ખેડૂતનું અસ્તિત્વ મટી જવાની દહેશત છે. ખેડૂતોના વિરોધ અને પ્રશ્નોને લઇ તા.૪ જૂલાઇ અને તા.૧૧ જૂલાઇના રોજ ડભોડાથી વાહન રેલી નીકાળી ત્યાંથી ખાત્રજ, સરદાર પટેલ રીંગરોડ, વૈષ્ણવદેવી સર્કલ થઇ ગાંધીનગર પહોંચી ત્યાં મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવાના કાર્યક્રમનું આયોજન કરાયું હતુ અને આ માટે રેલીની પરવાનગી માટે ખેડૂતો તરફથી કલોલ અને ગાંધીનગર મામલતદાર સમક્ષ અરજી પણ કરવામાં આવી હતી. જો કે, સત્તાવાળાઓએ તેમની અરજી ફગાવી દીધી હતી. અરજદારપક્ષ તરફથી હાઇકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, રાજયમાં પાટીદાર સમાજ, દલિત સમાજ સહિત અન્યો દ્વારા રેલી અને અન્ય વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો માટે માંગવામાંઆવતી મંજૂરીનેફગાવી દઇ રાજય સરકાર લોકોના બંધારણીય અધિકારો પર સીધી તરાપ મારી રહી છે. લોકશાહી પ્રણાલિમાં દરેક નાગરિકને પોતાનો વિરોધ વ્યકત કરવાનો બંધારણીય અધિકાર છે અને તેમને કાર્યક્રમો યોજતા કે વિરોધ કરતાં રોકી શકાય નહી. ખેડૂતોને તેમની રેલી અને વિરોધ દેખાવો માટેની પરવાનગી આપવા હાઇકોર્ટે સત્તાવાળાઓને હુકમ કરવો જોઇએ.

નીટના ગુજરાતના મેરીટ લીસ્ટની કાગડોળે રાહ જોતા વિદ્યાર્થી અને વાલીઓ

મોડાસા, તા. ૬

એમબીબીએસ-ડેન્ટલ માટેની નીટ-૨૦૧૭ના જીબીએસઈના રીઝલ્ટ આવ્યા બાદ હજુ પણ ગુજરાતના વિદ્યાર્થીઓ ક્ષુધા અનુભવી રહ્યા છે. કારણ કે બાકીના રાજ્યો પંજાબ, કર્ણાટક, આંધ્રપ્રદેશ વગેરેએ તેમના સ્ટેટનું મેરીટ લીસ્ટ ડીકલેર કરી દીધુ છે. જ્યારે ગુજરાતનુ મેરીટ લીસ્ટ કયારે બહાર પડશે તે ગુજરાત એડમીશન કમીટીની વેબસાઈટ પર પણ નથી. જો વિદ્યાર્થીઓને તેમની સ્ટેટ મેરીટ રેન્ક ખબર પડે તો તેને ચોઈસ ફીલીંગ તથા ઓલ ઈન્ડીયા કોટમાં એડમીશન લેવુ કે ન લેવુ તેનુ માર્ગદર્શન મળી રહે. વધુમાં આજકાલ ગુજરાતી માધ્યમના કેટલાક વાલીઓ સોસીયલ મીડીયામાં અલગ પેપર અંગેનો નેગેટીવ પ્રચાર કોર્ટમાં ચાલી રહ્યો છે. અને તેનુ ડીશીઝન સુપ્રીમ કોર્ટ આપશે. રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર મેડીકલ ક્ષેત્રના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ પ્રથા દાખલ કરેલ છે. જેમાં કંઈ ખોટુ થવાનો અવકાશ જ નથી. આ નવીન નીટ તથા એડમીશન પ્રાસેસ કોઈ ધ્યાનથી અભ્યાસ કરે તો ખૂબજ આવકારવા લાયક છે. આ અંગે ગુજરાત બોર્ડના વાલીઓ સરકાર સમક્ષ વિનંતી કરે છે કે કોઈ દુશ પ્રચારની શેર શરમ રાખ્યા વગર ગુજરાતનુ મેરીટ લીસ્ટ બહાર પાડે જેથી આગળની એડમીશનની કાર્યવાહી સરળ ઝડપી બને અને હોંશીયાર વિદ્યાર્થીઓ તથા તેમના માતા-પિતા ચિંતામાંથી મુક્ત થાય.

ગાંધીનગર-અમદાવાદમાં મોડી સાંજે ફરી વરસાદી ઝાપટા

અમદાવાદ, તા. ૬

અમદાવાદ શહેરમાં સોમવારના દિવસે બપોરના ગાળામાં સાડા ત્રણ ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયા પછી બે દિવસના વિરામ બાદ અમદાવાદ શહેરમાં આજે ફરીવાર વરસાદી ઝાપટા પડ્યા હતા. જેના કારણે જુદા જુદા વિસ્તારોમાં ફરી ઉત્સુકતા પ્રવર્તી હતી. અમદાવાદ શહેરમાં મોડી સાંજે અને રાતે ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ હળવા વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર, દીવ દમણ, દાદરાનગર હવેલીમાં કેટલીક જગ્યાઓએ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આજે દિવસ દરમિયાન ફરીવાર ગરમીનો અનુભવ થયા બાદ સાંજે વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૧ અને લઘુત્તમ તાપમાન ૨૬.૨ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં મોસમનો કુલ વરસાદ ૧૬૩.૮૬ મીમી અથવા તો ૬.૪૫ ઇંચ જેટલો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોઇપણ વરસાદી ઝાપટા પડ્યા ન હતા પરંતુ મોડી સાંજે ફરી એકવાર વરસાદની શરૂઆત થઇ હતી. આજે અમદાવાદના જે વિસ્તારમાં સાંજે વરસાદી ઝાપટા પડ્યા હતા તેમાં શાહીબાગ, નારણપુરા, પ્રહલાદનગર, ઉસ્માનપુરા, સરદારનગર, કુબેરનગર, નરોડાનો સમાવેશ થાય છે. અમદાવાદ શહેરના જુદા જુદા ઝોનની વાતકરવામાં આવે તો ઉત્તર ઝોનમાં સૌથી વધુ ૨૦૩.૦૬ મીમી વરસાદ હજુ સુધી નોંધાયો છે.

વી.કેર ફાઉન્ડેશન દ્વારા કડી કોલેજ ખાતે સંસ્થાના પ્રમુખ જે.સી. પટેલની રાહબરી હેઠળ એક લીડરશીપ ડેવલોપમેન્ટ કાર્યક્રમ યજાયો હતો. જેમાં જે.સી. પટેલે વિદ્યાર્થીઓને નેતૃત્વ વિકાસ શૈલી અંગે જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું.

સચિવાલય સંકુલમાં મોડાસાના ખેડુત યુવાને દવા પી લીધી

કોઈ કારણોસર સચિવાલય આવીને આપઘાતનો પ્રયાસ કરનાર યુવાનને હોસ્પિટલ ખસેડાયો : સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં દાખલ

ગાંધીનગર, તા.૬

મોડાસાના ભીલકુવા ગામમાં રહેતા ૩૮ વર્ષિય ખેડુત યુવાન આજે બપોરે પોતાની કેટલીક માંગણીઓને લઈ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી જયાં બેસે છે ત્યાં નવા સચિવાલયમાં આવ્યો હતો. તે કઈ માંગણીઓ સાથે આવ્યો હતો તે બાબત હજુ સુધી સ્પષ્ટ થઈ નથી પરંતુ તેણે બપોરે સચિવાલય સંકુલમાં જ દવાઓ પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી હતી. તંત્ર પણ સરકારને શરમજનક સ્થિતમાં મુકાવે તેવી આ ઘટનાને લઈ દોડતું થઈ ગયું હતું. તાત્કાલીક આ યુવાનને ગંભીર હાલતમાં સારવારઅર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. હાલ તે હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહ્યો છે. તેને કયા કારણોસર આપઘાતનો પ્રયાસ કર્યો તે હજુ સુધી જાણવા મળ્યું નથી તે સંપૂર્ણ ભાનમાં આવે ત્યારબાદ પોલીસ મામલતદાર સમક્ષ તેનું ડાઈંગ ડિકલેરેશન નોંધશે ત્યારે રહસ્ય પરથી પડદો હટશે.

ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરથી સમગ્ર રાજયનો વહીવટ થાય છે. સ્થાનિક કક્ષાએ પોતાની માંગણીઓ કે પડતર પ્રશ્નોનું સમાધાન ન થતા રાજયનો નાગરીક સચિવાલય ખાતે પોતાના પ્રશ્નોને વાચા આપવા માટે આવે છે. સચિવાલયની વિવિધ કચેરીમાં રાજયભરમાંથી નાગરીકો પોતાના પ્રશ્નોની રજુઆત માટે આવતા હોય છે. પ્રાપ્ત માહિતી મુજબ આજે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ભીલકુવા ગામનો ૩૮ વર્ષિય ખેડુત યુવાન બાબુસિંહ દિપસિંહ ચૌહાણ પણ સચિવાલય સંકુલમાં કોઈ કારણોસર આવ્યો હતો. પરંતુ આ યુવાને અચાનક બપોરના બે વાગ્યાના અરસામાં સચિવાલયમાં જ અચાનક ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સચિવાલયમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. યુવાને દવા પી લેતા તાત્કાલીક ૧૦૮ દ્વારા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવારઅર્થે ખસેડવામાં આવ્યો હતો. હાલ આ યુવાન હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ છે. આ યુવાન કયા વિભાગમાં પોતાની માંગણીઓ લઈને આવ્યો હતો તે જાણી શકાયું નથી. યુવાન સંપૂર્ણ ભાનમાં આવે ત્યારબાદ સમગ્ર ઘટના પરથી પડદો ઉંચકાશે. પરંતુ મળતી વિગત મુજબ આ યુવાને અગાઉ જે તે સમયે મોડાસા ખાતે ડે. મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલનો કાર્યક્રમ હતો તે દરમિયાન પણ દવા પીધી હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે ફરીવાર આજે સચિવાલય સંકુલમાં આ યુવાને દવા પી લેતા તંત્ર પણ સરકારને શરમજનક સ્થિતિમાં મુકાવે તેવી આ ઘટનાને પગલે દોડતુ થઈ ગયું છે. પરંતુ આ યુવાન કયા વિભાગમાં પોતાની માંગણીઓ લઈને આવ્યો હતો તેમજ કયાં કારણોસર દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો તે હકીકત તો યુવાન સંપૂર્ણ ભાનમાં આવે ત્યારબાદ જ બહાર આવશે.

ગરીબ પરિવારોને દૂધ વિતરણ કરી ઠાકોર સેનાએ દેવા માફીની માંગ ઉગ્ર બનાવી

ચિલોડા, તા. ૬

રાજ્યમાં ખેડૂતોના દેવા માફી અને પશુપાલકોને યોગ્ય ભાવની માંગના મુદ્દે ઓબીસી એકતા મંચ દ્વારા દૂધબંધીના એલાન સાથે ચિલોડા ખાતે ક્ષત્રિય ઠાકોર સેનાના ગાંધીનગર તાલુકા પ્રમુખ ગોવિંદજી ઠાકોર તથા જિલ્લા સંગઠન મંત્રી રાજુજી વાઘેલા (રામનગર)ની આગેવાની હેઠળ સેનાના ૫૦ કાર્યકરો સહિત સવારે ૧૦ વાગે ગામના સાચોળી વસાહત અને સ્વામીનારાયણ કોમ્પલેક્ષ પાસેના બંગડીવાળા વિસ્તારમાં બે જગ્યાએ ગરીબ પરિવારોના બાળકોને ૧૦૦ લીટર દૂધ વિતરણ યોજી અનોખો વિરોધ કાર્યક્રમો આપવામાં આવ્યો હતો. આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોએ ખેડૂતોના દેવા માફ કરો, જયજયાન જય કિસાનના સૂત્રોચ્ચાર કરી માંગ વ્યક્ત કરી હતી.

માહિતી વિભાગ દ્વારા લેવાયેલી પરિક્ષાના પરિણામ જાહેર કરવામાં ભારે વિલંબ

સાત-સાત મહિના બાદ પણ પરિણામ જાહેર ન થતા નિરાશ થઈ ગયેલા ઉમેદવારોમાં રોષ

ગાંધીનગર, તા.૬

રાજયના માહિતી વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ માટે ગત્ જાન્યુઆરી માસમાં વિભાગ દ્વારા પરિક્ષા લેવામાં આવી હતી. ૭ મહિનાનો સમયગાળો વિતી ગયો હોવા છતા વિભાગ દ્વારા પરિણામ જાહેર કરવામાં વિલંબ કરવામાં આવતા ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૮-૮ લાખ ઉમેદવારોની પરિક્ષા લેવામાં આવે છે, છતા ત્રણ મહિનાના ટુંકાગાળામાં પરિણામ જાહેર કરી દેવામાં આવે છે. ત્યારે માત્ર ૧૨૦૦ જેટલા ઉમેદવારોની પરિક્ષામાં સાત મહિના બાદ પણ પરિણામ જાહેર નહી થતા તંત્રની આ કામગીરી અનેક શંકાઓ પેદા કરી રહી છે.

રાજય સરકારના માહિતી વિભાગમાં વર્ગ- ૧,૨ અને ૩ ની ખાલી જગ્યા ભરવા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ઈન્ફરમેશન આસિસટન્ટ, સિનિયર સબ એડીટર, એ.ડી.આઈ અને ડી.ડી.આઈનો સમાવેશ થાય છે. આ ખાલી પડેલી જગ્યા માટે વિભાગ દ્વારા ગત જાન્યુઆરી માસમાં પ્રિલીમીનરી પરિક્ષા લેવામાં આવી હતી. વિભાગ દ્વારા પરિક્ષા સવારે અને બપોરે બે સ્લોટમાં લેવાઈ હતી. માહિતી વિભાગની વિવિધ જગ્યાઓ માટે અંદાજીત ૨૦૦૦ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ માત્ર ૧૨૦૦ જેટલા ઉમેદવારો પરિક્ષા આપી હતી. બીજા તબક્કાની પરિક્ષા પ્રિલિમીનરી પરિક્ષાના પરિણામ બાદ લેવામાં આવનાર છે. જો કે તેનું પરિણામ પરિક્ષાના લેવાયાના ૭ મહિના બાદ પણ જાહેર કોઈ કારણોસર થઈ શકયું નથી. જેને પગલે ઉમેદવારો નિરાશ થઈ જવા પામ્યા છે અને તૈયારીઓનો ઉત્સાહ પણ ઓસરી જવા પામ્યો છે.નોંધનીય બાબત છે કે જીપીએસસી જેવી પરિક્ષાઓમાં પણ પરિક્ષાની તથા પરિણામની તારીખો પહેલેથી જાહેર કરવામાં આવે છે તો માહિતી વિભાગ દ્વારા લેવાયેલ આ પરિક્ષાના પરિણામ જાહેર કરવામાં કે પરિણામની તારીખ જાહેર કરવામાં તંત્ર કેમ ઉદાસીનતા દાખવે છે તે બાબત શંકાસ્પદ હોવાની ચર્ચાઓ જાગી છે.

અપહરણ અને લુંટના ગુનામાં છ મહિનાથી વોન્ટેડ આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૬

ચિલોડા નજીકથી છ માસ પહેલા નોટબંધી સમયે એક યુવાનનું અપહરણ થયુ હતુ અને લુંટ કરી કેટલાક શખ્સો ફરાર થઈ ગયા હતા.

નોટબંધી સમયે રુપિયાની લેતી-દેતીમાં ચિલોડા નજીક ગુનો આચર્યો હતો

આ ગુનાનો પર્દાફાશ થઈ ગયો હતો પરંતુ દહેગામ-નરોડા રોડ પર આવેલી તક્ષશીલા રેસીડેન્સીમા રહેતો એક આરોપી નાસતો ફરતો હતો. આ વોન્ટેડ શખ્સને પકડી પાડી ગાંધીનગર એલ.સી.બી ની ટીમે ચિલોડા પોલીસને સોંપવા તજવીજ કરી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીતે તેમની ટીમને જીલ્લા વિસ્તારમાં ગુનો આચરીને નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપતા પી.એસ.આઈ કૃણાલ પટેલ તથા માણસો તે દિશામાં સક્રીય છે. ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે છ મહિના પહેલા નોટબંધી સમયે રુપિયાની લેતીદેતીમાં ચિલોડા પાસેથી એક યુવાનનુ અપહરણ કરી લુંટી લેવાની ઘટના બની હતી તે ગુનામાં નાસતો ફરતો તક્ષશીલા રેસીડેન્સીમાં રહેતો વિઠ્ઠલ છગન ભાંભી પોતાના ઘરે હાજર છે. આ બાતમીને આધારે ટીમે તેના ઘરે તપાસ કરીને તેને દબોચી લીધો હતો. આરોપીની ધરપકડ કરી એલ.સી.બીએ આરોપી ચિલોડા પોલીસને સોંપવા ગતીવીધી કરી છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા ગૌરીવ્રત નિમિતે કપડા તેમજ બક્કલનું વિતરણ

ગાંધીનગર, તા.૬

શહેરની સેવાકીય સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.ત્યારે ગૌરીવ્રત નિમિતે કન્યાઓને નવિન કપડા તેમજ બક્કલ નું વિતરણ કરવામાં આવ્યુંહતું. મોટા સામેરા અને નાના કંથારીયા ગામે અંદાજીત ૩૫૦ બહેનોને કપડા તેમજ બક્કલ સહિત ચાંદલા આપવામાં આવ્યા હતા. જયારે બાળકીઓને ફરાળી નાસ્તો આપવામાં આવ્યો હતો.આચાર્ય ચંદ્રાશુ મહારાજનો જન્મ દિવસ હોવાથી માવાની બનાવેલ કેક કાપી બાળકોને મોટા સામેરામાં ખવડાવી હતી.રેખાબેન પણસાણીયા, શ્રુતિ ગુમે, રક્ષા ગોહિલ, મિલિંદ ગુમે સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

સેકટર-૭માં પાણીનો કકળાટ

ગાંધીનગર, તા.૬

છેલ્લા એક મહિનાથી નવા સેકટરોમાં પાણી ન મળવાનો આક્રોશ વધેલ છે. સેકટર-૭ અને તેમાં પણ સેકટર-૭-ડીના આગેવાનોએ પ્રમુખ જયંતભાઈ ભટ્ટ સમક્ષ રોષ ઠાલવ્યો છે. તેમણે તપાસ કરતા જાણવા મળેલ છે કે સરિતા ઉદ્યાનના પાણીની ટાંકીમાં પાંચ વાર વાલ્વની ખામી સર્જાઈ છે. વારંવાર વાલ્વ બદલવા છતાં પાણી પુરતું મળતું નથી. તકલાદી વાલ્વને કારણે મુશ્કેલી ઉભી થાય છે. આજે સવારે પણ પાણી પુરવઠો મળેલ નથી પરિણામે વસાહતીઓ ત્રાસી ઉઠયા હતા. ટેલિફોન ઉપર સંબંધિત અધિકારી મળતા નથી. જો પાણીની વ્યવસ્થા નહિ સુધરે તે વસાહતીઓ ગાંધી ચિંધ્યા માર્ગે પાણી પુરવઠા કચેરીએ રજુઆત કરશે તેમ જયંતભાઈ ભટ્ટે જણાવેલ છે.

શહેરી બસ સેવાના કન્ડકટરોની મનમાની

સેકટરના રૂટની બસના મુસાફરોને ડેપોમાં જ ઉતારી દેવાતા આક્રોશ

પોલીટેકનિકની બસ પણ સવારે એક કલાક મોડી આવતા વિદ્યાર્થીઓ પરેશાન : યોગ્ય પગલા લેવા માંગ

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં શહેરી બસ સેવા અનિયમિત દોડતા રોજબરોજ અપડાઉન કરતા મુસાફરો પરેશાન છે. ત્યારે અમદાવાદથી આવતી સેકટરના રૂટની બસમાં મુસાફરોને સે-૨૮ :૨૯ ના બદલે ડેપોમાં જ ઉતારી દેવામાં આવતા અપડાઉનકર્તાઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. રાત્રિના સમયે પણ સેકટરના રૂટની બસ કન્ડકટરોની દાદાગીરીના લીધે ડેપોમાં જ ખાલી કરી દેવાય છે. સવારે પોલીટેકનીક રૂટની બસ પણ કલાક મોડી આવતા વિદ્યાર્થીઓના અભ્યાસ પર માંઠી અસર થઈ રહી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

શહેરમાં એકબાજુ સીટી બસ સેવા બંધ છે. ત્યારે એસ ટી બસ સેવા પણ અનિયમિત અને મનસ્વી રીતે દોડતા મુસાફરો દયનીય હાલતમાં મુકાયા છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસસેવા રૂટ મુજબ ન દોડતી હોવાની ફરિયાદોના અપડાઉન કરનારાઓ માટે આક્રોશનુ કારણ બની છે. અમદાવાદથી આવતી સેકટરના રૂટની બસ સે-૨૮-૨૯ જતી હોય છે. જયારે બોર્ડ પર સેકટરના રૂટના પાટીયા મુજબ બસ સેવા મળતી ન હોવાના લીધે મુસાફરોને અધવચ્ચે જ ઉતારી દેવામાં આવે છે. જેના લીધે સેકટરના રૂટના મુસાફરોને સલામત સવારીમાંથી ઉતારી દેવાતા ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવી પડે છે. એસ ટી ડેપોમાં જ બસના પૈડા થંભી જાય છે. સેકટરના રૂટની બસ અમદાવાદથી સે-૨૮-૨૯ ના સ્ટોપ સુધી દોડવાના બદલે એસ ટી ડેપોમાં જ મુસાફરોને ઉતારી દેવાય છે. જેના લીધે ડેપોથી સેકટરના સ્ટેન્ડ સુધી પહોંચવા માટે રીક્ષા કે અન્ય ખાનગી વાહનોમાં બેસવુ પડે છે. બીજીતરફ સવારે પોલીટેકનીક રૂટની બસ પણ નિયત સમય કરતા એક કલાક મોડી આવતા કોલેજમાં વિદ્યાર્થીઓ સમયસર હાજરી આપી શકતા નથી. જેના લીધે કોલેજકક્ષાએથી પણ વિદ્યાર્થીઓને અપમાનિત થવુ પડે છે. એસ ટી બસ સેવાને લગતી આ ફરિયાદો સંદર્ભે ડેપો મેનેજર યોગ્ય પગલા લે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી શરાફી મંડળીમાં મંત્રી તરીકે બિનહરીફ વરણી

ચિલોડા, તા.૬

ગાંધીનગર તાલુકાના શિવપુરા કંપા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા અને ચિલોડા ગામના વતની પટેલ જશુભાઈ રમણભાઈની ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી શરાફી મંડળીમાં સને ૨૦૧૭ વર્ષ માટે મંત્રી તરીકે બિનહરીફ વરણી થવા બદલ શાળા પરિવાર તથા સહમિત્રો દ્વારા ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી છે.

જાહેર નિવિદા નં.૯/૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.-૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૪ (ચાર) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૬૦૧૫૫.૬૦ થી રૂ. ૯૮૬૨૭.૦૦ની છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો અને અનુભવ ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ : ૧૩/૭/૨૦૧૭ (સમય : ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૨૦/૭/૨૦૧૭ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણત્રીમાં લેવામાં આવશે.

માહિતી/૯૭૦/૧૭-૧૮